જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૭ | ૦ | ૧૦૬૭૭ | ૧૬૮૦૫ | ૦ | ૧૬૮૦૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૦ | ૦ | ૫૮૬૦ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૯ | ૧ | ૫૦ | ૨૧૯ | ૭ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૧૫૮ | ૨૨ | ૧૫૧૮૦ | ૧૫૯૮૦ | ૨૩ | ૧૬૦03 |
| | કુલ | ૩૦૨૩૦ | ૨૩ | ૩૦૨૫૩ | ૩૮૮૬૬ | ૩૦ | ૩૮૮૯૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪ | ૧૨,૬૧,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૯૪ | ૧૪,૯૪,000/- |

# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :-


## શરીર સબંધી ગુનો કર્યા બાદ નાસતા ફરતા આરોપીઓને અટકાયત કરતી શાહીબાગ પોલીસ

શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૨૦૦૪/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદી નગીનભાઇ સ /ઓફ મનુભાઇ તલવાડી નાઓને આરોપી કરણ મહેશભાઇ પરમાર તથા મહેશ રમેશભાઇ પરમાર તથા હસમુખ રમેશભાઇ પરમાર નાઓએ ફરીને તલવારો તથા પાઇપો વડે તા.૧૪/૧૦/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગ્યાના સુમારે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી તલવારો તથા પાઇપો થી ફરીના ઉપર જીવલેણ હુમલો કરી ભાગી ગયેલ હોય જે બાબતે મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનીયર પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા.ની સુચના આધારે પો.સ.ઇ એસ.એ.દેસાઇ સર્વેલંસ સ્કોર્ડ તથા મ.સ.ઇ વિરેન્દ્રસિંહ તથા અ.હે.કો રવીન્દ્ર ગંગારામ તથા અ.પો.કો (૩) કુલદિપસિંહ ધનશ્યામસિંહ બ.નં.૫૧૧૧ તથા (૪) ભુપેન્દ્ર કરશનભાઇ બ.ન. ૪૬૧૮ તથા (૫) બાદલ પચાણભાઇ બ.નં ૧૩૭૧ (૬) મુકેશભાઇ શાંકાભાઇ બ.નં. ૪૯૧૧ (૭) અ.લો.ર. પરેશકુમાર અણદાભાઇ બ.નં.૧૧૮૫૩. એ રીતેના પોલીસના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઉપરોકત ગુનાના આરોપીઓ કરણ મહેશભાઇ રમેશભાઇ પરમાર તથા મહેશભાઇ રમેશભાઇ પરમાર તથા હસમુખ ભાઇ રમેશભાઇ પરમાર નાઓ શાહીબાગ વિસ્તારમાંથી થઇ ચાલતા પસાર થવાના હોય જે બાતમી સાથેના લો.ર.બાદલ પચાણભાઇ તથા પો.કો મુકેશભાઇ નાઓને મળતા બાતમી હકીકત વાળી જગ્યાએ જઇ સદરી આરોપીઓને પકડી શરીર સબંધી કેશ શોધી કાઢી સારી પ્રસંનીય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિ./કર્મચારી;- પો.સ.ઇ શ્રી એસ.એ.દેસાઇ તથા મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા બ.નં.૭૬૯૮ તથા અ.હે.કો રવીન્દ્ર ગંગારામ બ.નં ૯૧૨૭ તથા કુલદિપસિંહ ધનશ્યામસિંહ બ.નં.૫૧૧૧ તથા ભુપેન્દ્ર કરશનભાઇ બ.ન. ૪૬૧૮ તથા બાદલ પચાણભાઇ બ.નં ૧૩૭૧ મુકેશભાઇ શાંકાભાઇ બ.નં. ૪૯૧૧ અ.લો.ર. પરેશકુમાર અણદાભાઇ બ.નં.૧૧૮૫૩.

**આરોપીઓના નામ :-** (૧) કરણ મહેશભાઇ રમેશભાઇ પરમાર ઉ.વ. ૨૪ તથા (૨) મહેશભાઇ રમેશભાઇ પરમાર ઉ.વ. ૫૨ બંન્ને રહે: મ.નં ઇ/૪૮/૧૦૧ સ્વામીનારાયણ પાર્ક રીદર્શન ચાર રસ્તા પાસે નવા  નરોડા અમદાવાદ શહેર મુળ વતન ગામ: વાખીયા તા જસદણ જી.રાજકોટ તથા (૩) હસમુખ ભાઇ રમેશભાઇ પરમાર ઉ.વ.૪૦ રહે: બ્લોક નં ૧૫/૧૬૯ આંબેડકર આવાસ ઔડાના મકાન તક્ષશીલા સ્કુલની બાજુમાં ઓઢવ અમદાવાદ શહેર  મુળ વતન ગામ: વાખીયા તા જસદણ જી.રાજકોટ

**આરોપીઓના ફોટો ગ્રાફસ.**





# જુગાર/સટ્ટાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-


### ક્રિકેટ સટ્ટાનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ


મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને પ્રોહી-જુગારના કેસો શોધી કાઢવા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન ખાતે હાજર હતા દરમ્યાનમા તા ૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૧૯/૩૫ વાગે અ.પો.કોન્સ દેવેન્દ્રસિહ વેલુભા તથા લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ નાઓને સયુક્ત બાતમી આપેલ કે ઇસનપુર ચાર રસ્તાથી ઘોડાસર તરફ જતા રોડ ઉપર રામાપીરના મંદિર પાસે ધર્મદેવનગર સોસાયટીની બાજુમા બંસુરી સ્ટીલ ફર્નીચર નામની દુકાનની બાજુની ગલીમા મ.નં ૩૩૭/૧ મા રહેતો ધર્મેન્દ્ર ઉર્ફે ધમો રમેશભાઇ પટેલ તથા જીતેન્દ્ર ઉર્ફે સુનિલ જૈન બન્ને ભેગા મળી સદર મકાનના ઉપરના માળે બનાવેલ ઓરડીમા હાલમા ચાલી રહેલ આઇ.પી.એલ ક્રિકેટ મેચની કિંગ્સ ઇલેવન પંજાબ તથા દિલ્લી કેપીટલ વચ્ચે ચાલતી ૨૦-૨૦ મેચ ઉપર ટી.વી સામે બેસી પોતાની પાસેના મોબાઇલ ફોનમા આઇ.ડી દ્વારા તથા મોબાઇલ ફોનમા ભાવબોલી ક્રિકેટ સટ્ટા બેટીગની હારજીતની પ્રવુતિ કરે છે જે હકિકત આધારે તા ૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૨૩/૨૫ વાગે સદરી જગ્યાએ ક્રિકેટ સટ્ટા અંગેની રેઇડ કરી આરોપી જીતેન્દ્રભાઇ ઉર્ફે સુનિલ દિનેશભાઇ જૈન ઉ.વ ૪૦ રહે,મ.નં ૬૯ સ્મૃતીવિહાર સોસાયટી પી.ડી.પંડ્યા કોલેજ રોડ ઘોડાસર વટવા અમદાવાદ શહેર+૪=૫ નાઓને ક્રિકેટ ઉપર સટ્ટા રમતા રોકડા નાણા રૂપિયા ૪૦,૩૧૦/-તથા મોબાઇલ ફોન નંગ-૧૩ કુલ કિંમત રૂપિયા ૩૬,૫૦૦/-ના તથા ટી.વી નંગ-૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-તથા સેટઅપ બોક્ષ નંગ-૧ કિંમત રૂપિયા ૫૦૦/-તથા રીમોટ નંગ-૧ કિંમત રૂપિયા ૧૦૦/-તથા ચોપડા નંગ-૨ કિંમત રૂપિયા ૦૦/૦૦ તથા બોલપેન નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦ તથા લાઇટબીલની ઝેરોક્ષ નંગ-૧ કિંમત રૂપિયા ૦૦/૦૦ ના મળી કુલ રૂપિયા ૮૭,૪૧૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી આ ક્રિકેટ સટ્ટાની લિંક તથા આઇ.ડી આપનાર ભુરાભાઇ નામના ઇસમને વોન્ટેડ બતાવી આ જે ઇસનપુર પો.સ્ટેશન ગુના નં પાર્ટ-B-૧૧૧૯૧૦૨૨૨૦૧૪૯૮/૨૦૨૦ જુગારધારા કલમ ૪,૫ મુજબનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામા આવેલ છે


ઇસનપુર પોલીસ સ્ટેશન
Shot on OPPO F5 Youth


ઇસનપુર પોલીસ સ્ટેશન
OPPO F5 Youth
Ahmedabad


ઇસનપુર પોલીસ સ્ટેશન
OPPO F5 Youth
Ahmedabad


ઇસનપુર પોલીસ સ્ટેશન
OPPO F5 Youth
Ahmedabad
By Rohitsinh Gohil


ઇસનપુર પોલીસ સ્ટેશન
OPPO F5 Youth
Ahmedabad
By Rohitsinh Gohil

# પાસા અટકાયતીની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારી પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

મયંક ઉર્ફે રાજા S/O નિલેશભાઈ ચંદુલાલ સુથાર ઉ.વ.૨૪ ધંધ.નોકરી રહેવાસી.બ્લોક નંબર-૦૬/૧૬૩, પંચરત્ન આવાસ યોજનાના મકાન રીલાયન્સ પેટ્રોલપંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેર

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં- PCB/DTN/PASA/1056/2020 તા. 22/10/2020 તથા બજવણી તા :- ૨૩/૧૦/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગે

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ. શ્રી ડી બી પલાસ તથા એ એસ આઇ અળખાભાઇ કરશનભાઇ બ.નં- ૮૬૧૫ તથા અ પો કો બીજલભાઇ શામળભાઇ બ નં ૧૦૩૫૮ તથા અ પો કો ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં. ૧૦૧૯૫ તથા અ પો કો જયદીપસિંહ દેવસંગભાઇ બ. નં. ૧૧૯૪૯

## **ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :-**

## પાસા અટકાયતના આરોપીને પકડી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ઇ” વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી “જાહેર વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/૧૧૦૫/૨૦૨૦ તા-૨૧/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી મોઇનુંદ્દીન ઇસામુદ્દીન શેખ ઉ.વ.૨૦ રહે-કોટની રાંગના છાપરા ચંપામીલની ચાલી મુંડા દરવાજા જમાલપુર અમદાવાદ શહેર નાઓને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સર્વેલન્સ સ્ક્વોડના પો.સ.ઇ.વી.વી.દેસાઇ નાઓની સુચનાથી અ.હે.કો.દિલીપસિંહ બળભદ્રસિંહ તથા અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ નાઓ બાતમી હકિક્ત આધારે પકડી પાડતા સદરી ઇસમને આજ રોજ તા-૨૨/૧૦/૨૦૨૦ રોજ હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપેલ છે. તા-૨૨/૧૦/૨૦૨૦



## **નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી ૧૫૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૯૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## **તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## **ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૨૦/૨૦૨૦**

**ગુજરાત યુનિવર્સીટી** : કલ્પેશભાઇ દુર્જનભાઇ પાસી (ઉ.વ.૨૭)(રહે.વૃદાવન ફ્લેટ, વેજલપુર) એ તા.૨૨/૧૦/૨૦૨૦ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ગુલબાઇ ટેકરા રોડ, હાઇલેંડ સોસાયટી આગળ પાર્ક કરેલ તેઓની એક્ટીવાની ડેકી ખોલી, ચાર અજાણ્યા ઇસમો ડેકીમાંથી સોનાનો હાર અને બે બુટ્ટી કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ અંગેની ફરીયાદ કલ્પેશભાઇ પાસી એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

## **વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૨૧/૨૦૨૦**

**ઓઢવ** : કનુભાઈ સબળાજી વાઘેલા (ઉ.વ.૩૪)(રહે.સંતોષીનગરની ચાલી શક્તિનગર સોસાયટી વિધ્યા નિકેતન હાઈસ્કૂલની સામે, નિકોલ) એ તા.૨૨/૧૦/૨૦૨૦ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૦ ના કલાક ૬/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સી.એમ.સી ઋદ્રાક્ષ કોમ્પલેક્ષ સામે ગિરીરાજ સોસાયટી પાસે દુકાન નં-૩,૪ “મમતા બોડી બિલ્ડર” આગળ રોડ ઉપર મુકેલ પોતાની બોલેરો ગાડી ટી.સી.નંબર GJ-01-TC-0332 કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- કોઇ અજાણી ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એ.ઝાલા ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૮૨૨/૨૦૨૦**

**વાડજ** : દુલેશ્વર રકમાભાઇ બામણીયા (ઉ.વ.૪૫)(રહે.પુરૂષોત્તમનગર નવા વાડજ) તા.૨૧/૧૦/૨૦૨૦ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે નવા વાડજ પુરૂષોત્તમનગર ખાતેના મકાનના ધાબા ઉપરથી પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હેકો.શ્રી જયમલભાઇ પુંજાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૨૩/૨૦૨૦**

**વાડજ** : રેખાબેન વા/ઓ નરેશભાઇ સુથાર (ઉ.વ.૪૩)(રહે.આકાશદીપ એપાર્ટમેંટ, આનંદનગર ફ્લેટ્ની સામે, નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૦ ના કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોસિન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**સરખેજ** : ખુશી ડૉ/ઓ મહેશભાઇ ઠાકોર (ઉ.વ.૧૬)(રહે.સાર્વજનીક સ્કુલની પાછળ, મેનકા હોટલની પાછળ, સરખેજ ગામ) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૦/૨૦૨૦ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

**વેજલપુર** : કાળુભાઇ અલીભાઇ માલવત (ઉ.વ.૬૮)(રહે.સંકલીતનગર નોવેલ્ટી પાન પાર્લર પાસે જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૦/૨૦૨૦ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોસિન છાંટી સળગી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૧૦/૨૦૨૦ સાંજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે,કો.શ્રી ભરતભાઇ ચંદુભાઇ ચલાવે છે.

**ઓઢવ** : વિશાલભાઇ જીવણભાઇ પરમાર (ઉ.વ.૧૯)(રહે.સોમનાથ સોસાયટી જય રણછોડ સોસાયટી, ન્યુ ભવાનીનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઉધઇ મારવાની દવા પી જતા સારવાર માટે તેમને GCS હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૦/૨૦૨૦ ના કલાક ૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે,કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી